## જન્મદિને વધામણી



સ્નેહલ એ. શાહ
મો. ૯૯૦૯૦ ૨૫૨૫૮



કાનલ ઉપાધ્યાય
મો. ૯૯૯૮૯ ૯૯૯૩૨



ક્રિષ્ણાકુમારી ગિરીશ આર્ય
મો. ૯૯૦૪૫૦૧૭૫૫

### રાજ્ય સરકાર દ્વારા અપાતા ગુજરાતી ચલચિત્ર પારિતોષિકમાં

# ગાંધીનગરના મૌલિક જગદીશ નાયક શ્રેષ્ઠ સહાયક અભિનેતાથી સન્માનિત



ગાંધીનગર, તા. ૧૦


રાજ્ય સરકારે ગુજરાતી ચલચિત્રોના વિકાસ-પ્રોત્સાહન માટે નવી ચલચિત્ર નીતિ ઘડી છે. તદ્નુસાર રાજયના માહિતી અને પ્રસારણ વિભાગ દ્વારા ગુજરાતી ચલચિત્રોના વિવિધ ક્ષેત્રોમાં કુલ ૩૨ કેટેગરીને લક્ષમાં લઈને પારિતોષિક જાહેર કરી એનાયત કરવામાં આવે છે.

તાજેતરમાં માહિતી ખાતા દ્વારા જાહેર કરાયેલ આ પારિતોષિકોમાં વર્ષ ૨૦૧૫-૧૬ માં નિર્માણ પામેલી પ્રેમજી રાઈઝ ઓફ અ વોરિયર ફિલ્મ શ્રેષ્ઠ ચલચિત્ર, શ્રેષ્ઠ દિગ્દર્શન શ્રી વિજયગીરી બાવા, શ્રેષ્ઠ અભિનેતા મેહુલ સોલંકીને પારિતોષિકો એનાયત કરાયા હતા.

આ પ્રેમજી રાઈઝ ઓફ અ વોરિયર ફિલ્મને શ્રેષ્ઠ સહાયક અભિનેતાનો પારિતોષિક ગાંધીનગરના રહેવાસી એવા મૌલિક જગદીશ નાયકને મળ્યો હતો.

અત્રે એ ઉલ્લેખનીય છે કે આ પહેલાં મૌલિક જગદીશ નાયકે અગાઉ બેયાર, રોમકોમ, વીટામીન શી અને લવની ભવાઈ જેવી ગુજરાતી ચલચિત્રોમાં અભિનય આપ્યો હતો. જેમાં સને ૨૦૧૫માં રોમકોમ ફિલ્મમાં બેસ્ટ કોમેડીયનનો ટ્રાન્સમીડિયા એવોર્ડ પણ મળ્યો હતો.

# પોલેન્ડની ૧૫ યુનિવર્સિટીઓના ૩૫ અધિકારીઓ ગુજરાત ફોરેન્સિક યુનિવર્સિટીની મુલાકાતે




ગાંધીનગર, તા. ૧૦

ગુજરાત ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી, ગાંધીનગર ખાતે ફોરેન્સિક સાયન્સ અને સાયબર સિકયોરિટી જેવા વિવિધ ક્ષેત્રોમાં શૈક્ષણિક સહકાર અને સમજૂતી કરાર કરવા માટે પોલેન્ડની ૧૫ યુનિવર્સિટીઓનાં ૩૫ અધિકારીઓએ ગઈ કાલે મુલાકાત લીધી હતી.

પોલેન્ડના એમ્બેડેકર એડમ બુરાકોવસ્કિએ દિલ્હીથી ખાસ આ પ્રસંગ અર્થ હાજરી આપી હતી. આ પ્રકારના શૈક્ષણિક સહકાર અને કરારમાં એમ્બેસી તરફથી પૂરતો સહકાર આપવી ખાતરી આપી હતી.

આ મુલાકાતમાં પોલેન્ડની યુનિવર્સિટી અને ગુજરાત ફોરેન્સિસ યુનિવર્સિટીનાં અધિકારીઓ વચ્ચે અભ્યાસક્રમોના, વિદ્યાર્થીઓના અને શિક્ષણના આદાનપ્રદાન, સંયુક્ત સંશોધન તેમજ સંયુક્ત ડિગ્રી કાર્યક્રમો માટે ચર્ચા-વિચારણા થઈ હતી.

## ડીમ્ડ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સ્ટેટ ક્વોટામાં પ્રવેશ માટે એલિજીબલ : હાઈકોર્ટ

અમદાવાદ,તા.૧૦

ગુજરાત હાઈકોર્ટે વિદ્યાર્થીઓના હિતમાં એક મોટો ચૂકાદો આપ્યો છે. હાઈકોર્ટે રાજ્યમાં સ્થિત ડીમ્ડ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સ્ટેટ ક્વોટામાં પ્રવેશ માટે એલિજીબલ હોવાનું ચૂકાદો આપ્યો છે. કોર્ટે રાજ્ય સરકારે મેડિકલમાં પોસ્ટ ગ્રેજ્યુએશનના પ્રવેશ માટેના બદલેલા નિયમને ગેરકાયદેસર ઠેરવ્યો છે. તેમજ ડીમ્ડ યુનિવર્સિટીના ગુજરાતના વિદ્યાર્થીઓને સ્ટેટ ક્વોટા માટે હક્કદાર ગણાવ્યા છે.

આ પહેલા ગુજરાત સરકારે કોર્ટમાં ગુજરાતમાં સ્થિત ડીમ્ડ યુનિવર્સિટીઝના વિદ્યાર્થીઓને માત્ર ઓલ ઈન્ડિયા ક્વોટામાં જ પ્રવેશ આપી શકાય એવી રજૂઆત કરી હતી. જોકે હાઈકોર્ટે સરકારની આ રજૂઆતને ફગાવીને નિયમને પક્ષપાતી ગણાવ્યો હતો.

### તબીબી શિક્ષણમાં સ્નાતક કક્ષાએ પ્રવેશ માટે રાજય સરકારનો મહત્વનો નિર્ણય

# મૂળ ગુજરાતના અધિનિવાસી હોય તેવા વિદ્યાર્થીઓને જ વર્ષ-૨૦૧૮થી પ્રવેશ માટે લાયક ગણાશે

## સ્નાતક મેડીકલ, ડેન્ટલ, આયુર્વેદ, હોમીયોપેથીક અને નેચરોપેથીના અભ્યાસક્રમોમાં પ્રવેશના નિયમોમાં ફેરફાર

ગાંધીનગર, તા.૧૦

નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે જણાવ્યું છે કે, ગુજરાતમાં સ્નાતક કક્ષાની મેડીકલની ૪૦૦૦ ડેન્ટલની ૧૧૫૫, આયુર્વેદની ૧૮૨૦, હોમિયોપેથીની ૩૨૫૦ અને નેચરોપેથીની ૬૦ મળી કુલ ૧૦,૦૦૦થી વધુ બેઠકો ઉપલબ્ધ છે. આ બેઠકો ઉપર પ્રવેશ માટે રાજયના હોશિયાર વિદ્યાર્થીઓને વધુ લાભ મળે તે માટે મૂળ ગુજરાતના અધિનિવાસી હોય તેવા વિદ્યાર્થીઓને જ વર્ષ-૨૦૧૮ થી પ્રવેશ માટે લાયક ગણવાનો રાજય સરકારે નિર્ણય કર્યો છે. પ્રવેશ સમયે વિદ્યાર્થીઓએ અધિકૃત સક્ષમ અધિકારી દ્વારા અધિનિવાસ પ્રમાણપત્ર (ડોમીસાઈલ સર્ટીફીકેટ) રજૂ કરવાનું રહેશે.

સ્નાતક કક્ષાએ તબીબી શિક્ષણમાં પ્રવેશ માટે રાજય સરકાર દ્વારા લેવાયેલા આ મહત્વના નિર્ણયનીજાહેરાત કરતાં નાયબ મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, સ્નાતક મેડીકલ, ડેન્ટલ, આયુર્વેદ, હોમીયોપેથી અને નેચરોપેથીના અભ્યાસક્રમોમાં પ્રવેશ માટેના નિયમોમાં આ સુધારાઓ કરવાથી રાજયના તેજસ્વી વિદ્યાર્થીઓને મોટો ફાયદો થશે. તેમણે ઉમેર્યું કે, ઓવરસીઝ સીટીઝન ઓફ ઈન્ડીયાનું કાર્ડ ધરાવતાં અને મૂળ ગુજરાતના અધિનિવાસી હોય તેવા વિદ્યાર્થીઓ એન.આર.આઈ. બેઠકો ઉપરાંત હવેથી સરકારી બેઠકો પર પ્રવેશ માટે પણ લાયક ગણાશે. પ્રવેશ સમયે વિદ્યાર્થીઓએ સક્ષમ અધિકારીનું અધિનિવાસ પ્રમાણપત્ર (ડોમીસાઈલ સર્ટીફીકેટ) રજૂ કરવાનું રહેશે.

તેમણે ઉમેર્યું કે, ગુજરાત બોર્ડ, સેન્ટર બોર્ડ, કાઉન્સીલ ઓફ ઈન્ડીયન સ્કૂલ સર્ટીફીકેટ, એકઝામીનેશન બોર્ડ ઉપરાંત ઈન્ટરનેશનલ સ્કૂલ બોર્ડ (ઈન્ટરનેશનલ બકાલોરીએટ એન્ડ કેમ્બ્રીજ) તેમજ નેશનલ ઈન્સ્ટીટયુટર ઓફ ઓપન સ્કૂલીંગની સાથે સંલગ્ન હોય તેવી ગુજરાતમાં આવેલી શાળાઓમાંથી ધોરણ-૧૨ પાસ કરેલ વિદ્યાર્થીઓને પણ જો તેઓ નીટ પાસ કરે તો તબીબી અભ્યાસક્રમમાં પ્રવેશ માટે પાત્ર ગણાશે. મૂળ ગુજરાતના અધિનિવાસી હોય અને રાજય બહાર સેવાઓઆપી રહ્યા હોય તેવા સંરક્ષણના તમામ દળોના કર્મચારીઓ/અધિકારીઓના બાળકો પણ પ્રવેશ માટે પાત્ર ગણાશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, જે વિદ્યાર્થીઓએ અગાઉના વર્ષમાં પ્રવેશ સમિતિ દ્વારા કોઈ અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવેલ હોય અને ફરીથી નીટની પરીક્ષા પાસ કર્યા બાદ અન્ય અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવા ઈચ્છા ધરાવતા હોય તેવા વિદ્યાર્થીઓએ હાલમાં જે અભ્યાસક્રમ ચાલુ હોય તે અભ્યાસક્રમની ફી રેગ્યુલેટરી કમિટીએ નકકી કરેલી તમામ વર્ષોની ફી ભરીને સંબંધિત સંસ્થા પાસેથી ''ના વાંધા પ્રમાણપત્ર'' અને અસલ પ્રમાણપત્રો રજૂ કર્યે પ્રવેશ સમિતિ દ્વારા ફરીથી નવો પ્રવેશ મેળવવા માટે પાત્ર ગણાશે.

# નહેરુ યુવા કેન્દ્ર દ્વારા સ્વચ્છતા મિશનમાં યુવાનોને જોડવા માટે સમર ઈન્ટરશિપ કાર્યક્રમ

ગાંધીનગર, તા.૧૦

સ્વચ્છતા મિશનમાં યુવાનોને જોડવા માટે ભારત સરકાર નવા ગ્રીષ્મકાલીન ઈન્ટરશિપ કાર્યક્રમ શરુ કરી રહરી છે. આ અંતર્ગત યુવા કાર્યક્રમ અને ખેલ વિભાગ, માનવ સંસાધન વિકાસ મંત્રાલય અને જળ મંત્રાલય સામીલ છે. આ અંગે ૭મી મે ના રોજ દિલ્હીથી વિડીયો કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમં ગુજરાતના એન.વાય. કે. એસ./ એન.એસ.એસ.ના તમામ અધિકારીઓ સામેલ થયા હતા.

નહેરુ યુવા કેન્દ્ર સંગઠન ગાંધીનગર નિયામક અનિલ કુમાર કૌશિકના જણાવ્યા મુજબ કોલેજના યુવક-યુવતીઓ, એન.સી.સી., એન.એસ.એસ. ની સાથે રહી નહેરુ યુવા કેન્દ્રના યુવાનોને જે સમાજ અને દેશ માટે કાંઈક કરવા માંગતા હોય તે જોડાઈ શકે છે. આ યોજના ૧ લી મે થી ૩૧ જુલાઈ સુધી ચલાવવામાં આવશે. આ અંગે ગ્રામ વિકાસ મંત્રાલય દ્વારા પણ દરેક રાજયનાં ગ્રામ વિકાસ કમિશનર તથા જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીમાં સમર ઈન્ટરશિપ કાર્યક્રમમાં વિવિધ ગ્રામ વિકાસની પ્રવૃત્તિઓમાં સામેલ કરવા જરૂરી સૂચના આપવામાં આવી છે.

આ દરમિયાન નહેરુ યુવા કેન્દ્ર સંગઠનથી વિભિન્ન યુવા મંડળો, મહિલા મંડળો તથા નવ યુવાનો દ્વારા ઓછામાં ઓછા ૧૦૦ કલાક માટે સ્વચ્છતા અભિયાન સંબંધિત શ્રમદાન કરવામાં આવશે અને આમાં ઉત્કૃષ્ઠ કાર્ય કરવાવાળી યુવા મંડળો, સંસ્થાઓને સ્વચ્છ ભારત મિશન તરફથી રૂા. ૩૦,૦૦૦, રૂા. ૨૦,૦૦૦ અને રૂા. ૧૦,૦૦૦ નો પુરસ્કાર અને પ્રમાણપત્ર આપવામાં આવશે. એટલું જ નહીં. જો ઈન્ટરશીપ સારી રીતે કાર્યોનું નિર્વાહન કરશે અને બે કેડીટ પોઈન્ટ વિશ્વ વિદ્યાલય તરફથી અનુદાન આપવામાં આવશે. નહેરુ યુવા કેન્દ્ર ગુજરાત રાજયમાં જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના સંયુક્ત પ્રયાસથી આ કાર્યક્રમને સફળ બનાવવામાં આવશે.

## ગુજ.યુનિ.નું પહેલું સત્ર ૧૧૬,બીજું સત્ર ૧૨૪ દિવસનું રહેશે

અમદાવાદ,તા.૧૦

ગુજરાત યુનિવર્સિટીમાં ૯ મેનાં રોજ યોજાયેલ એકેડેમિક અને સિન્ડીકેટની બેઠકમાં વિદ્યાર્થીલક્ષી નિર્ણય લેવામા આવ્યા હતા. જેમાં આગામી સત્રથી કોમન એકેડમિક કેલેન્ડરને અનુસરવા પર સંમતિ સધાઈ હતી.

હાલમાં રાજ્યની તમામ સરકારી યુનિવર્સિટીઓ પોતાની રીતે અભ્યાસક્રમ ઘડી, પોતાનું એકેડમિક કેલેન્ડર બનાવીને અભ્યાસ કરાવતી હતી જેને લઈને વિદ્યાર્થીઓને અનેક સમસ્યાઓનો સામનો કરવો પડતો હોવાની ફરિયાદને કારણે રાજ્ય સરકાર દ્વારા તમામ યુનિવર્સિટીઓને કોમન કેલેન્ડર બનાવવા માટેનો આદેશ કરવામાં આવ્યો છે, ત્યારે યુનિવર્સિટીએ કોમન કેલેન્ડર તૈયાર કરી દીધુ છે.

જે પ્રમાણે પહેલું સત્ર ૧૧૬ જ્યારે બીજુ સત્ર ૧૨૪ દિવસનુ રહેશે. સાથે સાથે તમામ યુનિવર્સિટી ૮૦ ટકા યુજીસી અને ૨૦ ટકા રીજયોનલ અભ્યાસક્રમ ઘડશે. આ ઉપરાંત યુનિવર્સિટીમાં જે હાયર પેમેન્ટ પ્રોગ્રામ ચાલી રહ્યાં છે તેમા પણ ફીમાં વિદ્યાર્થીઓને રાહત અપાશે.

# અમદાવાદમાં ઓરી રૂબેલા પ્લાનિંગ ઓરીએન્ટેશન વર્કશોપ યોજાયો

અમદાવાદ, તા.૧૦

ઓરી અને રુબેલા રોગો વિરોધી રક્ષણ આપવા માટે સમગ્ર અમદાવાદ જિલ્લામાં મિઝલ્સ–રુબેલાની રસી શાળા તથા આંગણવાડી કેન્દ્ર પર આ અભિયાન અંતર્ગત ૯ મહિનાથી ૧૫ વર્ષના તમામ બાળકોને આપવામાં આવશે. અમદાવાદ જીલ્લાના ૯ માસથી ૧૫ વર્ષના ૩.૭૦ લાખ બાળકોને રસી આપવામાં આવશે. ઓરી એક પ્રાણઘાતક રોગ છે જે વાયરસ ધ્વારા ફેલાય છે. ઓરીના કારણે વિકલાંગતા તથા નાની ઉંમરમાં મૃત્યુ થઈ શકે છે. રુબેલા એક ચેપી રોગ છે જે વાયરસ ધ્વારા ફેલાય છે. તેના લક્ષણો ઓરી જેવા હોય છે. તે છોકરો અથવા છોકરી બન્નેને થઈ શકે છે. જો કોઈ સ્ત્રીને સગર્ભાવસ્થાના શરુઆતના આ રોગનો ચેપ લાગે તો જન્મજાત રુબેલા સિંડ્રોમ થઈ શકે છે તે ગર્ભ અને નવજાત બાળક માટે ઘાતક સિધ્ધ થઈ શકે છે.



અમદાવાદ જીલ્લામાં તા.૧૬/૭/૨૦૧૮ થી આ અભિયાન શરુ કરવામાં આવનાર છે. જેના ભાગરુપે અમદાવાદ ખાતે વર્કશોપનું આયોજન કરવામાં આવેલ હતું. વર્કશોપના પ્રારંભે જીલ્લા આરસીએચઓ ડો.ગૌતમ નાયક દ્વારા જરુરી માહિતી આપવામાં આવી હતી અને તેઓના હસ્તે મિઝલ્સ–રુબેલા માર્ગદર્શિકા બુકનું વિમોચન કરવામાં આવ્યું હતું. તેઓએ નીતિ આયોગમાં નકકી થયેલ ૭ ઈન્ડીકેટર કાર્યક્રમોની સમીક્ષા કરી અમદાવાદ જીલ્લામાં સુદઢ કામગીરી કરવા આહવાન કરેલ જેમાં ખાસ કરીને માતા અને બાળમૃત્યુદર ઘટાડવા જેમાં સગર્ભા જોખમી માતાઓ સમયસર અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર કક્ષાએ પ્રસુતિની સેવાઓ મળી રહે તેવી સુચના આપેલ હતી. જિલ્લા આરસીએચઓ ડો.ગૌતમ નાયક ધ્વારા જીલ્લામાં ઓરી-રુબેલા વેકસીનેશન અભિયાન દરમિયાન તાલુકા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર વિસ્તાર અને શહેરી વિસ્તારમાં આ કાર્યક્રમ માટે લોક આગેવાનો, સામાજીક આગેવાનો નો સહયોગ, શિક્ષક મીટીંગ, મહિલા મીટીંગ, માતા મીટીંગ યોજી જનજાગૃતિ લાવી આ કામગીરી ઝુંબેશના રુપે સફળ પાર પાડવા અનુરોધ કરવામાં આવ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, આ અભિયાન સૌ પ્રથમ પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ ત્યાર બાદ આંગણવાડી કેન્દ્રો, આશ્રમશાળા, મદ્રેશાના બાળકોને આવરી લેવામાં આવશે. તેમજ ઔધોગિક વિસ્તાર માટે મોબાઈલ ટીમ ધ્વારા બાળકોની ટીમને આવરી લેવામાં આવશે.

# આદમી કો ચાહિએ વક્ત સે ડર કર રહે !!



જીવનનું ઝરણું સતત્ વહેતું જ રહે છે અને તેના સંગીતની એક મધુરતા પણ હોય છે. જે ધીરજવાન અને ચતુર લોકો છે તે અનુભવી શકે છે. પૂરું જીવન એક મહાસંગીત છે કે લાંબી સફર છે. જેમાં વ્યક્તિની એકાગ્રતા મહત્ત્વની ભૂમિકા ભજવતી હોય છે. જીવન વિશેની જેમ જિજ્ઞાસા વધુ તેમ જીવવાની પ્રબળતા ઉચ્ચ હોય તેવું જોવામાં આવે છે. આયુષ્ય જેને આપણે કહીએ છીએ તે વાસ્તવમાં શું છે ? જીવનનાં વર્ષોનો સરવાળો ! જીવતર જો દિવસો અને વર્ષોમાં ઉમેરાય તો કંઈક અર્થ સરે બાકી દિવસ અને રાત અવિરત જતા રહે છે. પ્રત્યેક ક્ષણ કે પળ મહત્ત્વની છે કારણ કે જીવન સમયના નાના નાના ટૂકડાઓમાં જ વ્યકત્ થઈ ઝડપથી જતુ રહે છે. દિવસે ઉગે કે રાત્રી પડે એ આપણાં સમજની અંદર આવે તે રીતે કહીએ છીએ અન્યથા સૂરજ કદી ઢળી પડતો નથી કે ચંદ્ર અને તારા કશે જ જતા રહેતા નથી એ બધા ગતિશીલ છે પરંતુ એ આપણી વ્યાવહારિક જીવનની રોજિંદી ઘટમાળને એક આકાર આપવા બધું કહીએ છીએ. સૂરજદાદા કદી પોઢે જ નહીં કે ચાંદા મામા કદી ઢળે જ નહીં. સમય એ જ જીવનચક્ર છે તે દશ્ય છતા અદશ્ય છે, અનુમાનિત ના થાય તે તેનું સ્વરુપ છે કદી કોઈથી રોકાય પણ નહીં એ સમય પ્રભુની રચના છે. જીવનમાં એક સરખો સમય કદી કોઈનો રહી શકતો નથી. માણસ એ માણસ જ હોય છે જે કંઈ ઉત્તમ યા કનિષ્ઠ પ્રાપ્ત થાય તે તેના સમયની જ કમાલ હોય છે. મરીઝ સાહેબનો એક સુંદર શેર છે :

પૂરતો નથી નસીબનો આનંદ ઓ ખુદા,
મરજી મુજબની થોડી મઝા હોવી જોઈએ.

સમયનું શાસન અવિરત અતૂટ અને ચોક્કસ હોય છે. સમયથી ઘાવ લાગે અને સમય જ ઘણીવાર ઉપચાર બની જાય છે. બધા પ્રશ્નોનો સચોટ ઉત્તર સમયમાં સમાયેલો હોય છે. જયારે સમય બદલાય ત્યારે વ્યક્તિ એ સમજી જવું ખૂબ હિતાવહ હોય છે.




વક્ત કાંટાળો તાજ હોય અને વક્ત ફૂલોની શૈયા પણ હોય છે એને સમાજ નિયતિ કહે છે તો કોઈ તત્ત્વચિંતક આ ઘટનાને કર્મનો કાનૂન પણ કહે છે. અભિમાન કદી શાશ્વત ના હોઈ અને આ અહંમ આદમીને ક્ષણભરમાં પતનની ખીણમાં ધક્કો મારે છે. જીવનની મહત્તા સમય ને પારખી લેવામાં રહેલી છે. એક શેર બહુ જ સુંદર છે -

કોશિષ તો રોજ કરતે હૈ કે
વક્ત સે સમજૌતા કર લે
કમબખ્ત દિલ કે કોને મેં
છૂપી ઉમ્મીદ માનતી હી નહીં...

અપેક્ષાઓ, અધૂરા સ્વપ્નો અને ઉમદા અરમાનોનાં સહારે વ્યવહાર કરતા માનવીએ સમયને પણ ધ્યાનમાં લેવો જ પડે છે અન્યથા જીવનની નિષ્ફળતા હ્રદયમાં સ્થાન લઈ બધું અંધકારમય બનાવી દે છે! સફળતા પણ સમયની જ ભેટ હોય છે તેમાં પુરુષાર્થની ખુશ્બુ ઉમેરાય છે ત્યારે જસ મળે, નામ બને અને સમાજ તેની પૃચ્છા કરે છે. ધીરજ મહેનત અને સાહસ એ સફળ જીવનના રાજમાર્ગ હોય છે. મનોજ ખંડેરિયાના શબ્દો હૈયે રાખવા જેવા છે.

''રસમ અહીંની જુદી છે
નિયમ સાવ નો'ખા
અમારો તો શબ્દો જ
કંકુ ને ચોખા.''

સમય ને સદા સૌજન્યપૂર્ણ વ્યવહારમાં ઉમેરતા રહો તો એ ઉત્તમ સંબંધોની બક્ષિસ પણ આપે છે. સમયનો જે મિજાજ છે એ જ વિશ્વને બનાવે અને બગાડે છે. ઉંમર સાથે વક્ત ને બધુ વહાલ હોય છે ત્યારે ઉચિત શું એ નિર્ણય માણસના ભાવિને ઘડે છે.

સમય જોઈ સંબંધ રાખે એના કરતાં
સંબંધ જોઈ સમય આપે એ સંબંધ સાચો.

ફૂલ બધા જ પ્રસંગ ને શોભાવે અને સાચવે છે પણ સમયનું તદન જૂદું પ્રાગટ્ય હોય છે આ તબક્કે વ્યક્તિ ભૂલ કરી શકાય પછી પસ્તાવા સિવાય કંઈ બચતુ પણ નથી !

કાળક્રમે બધા રીતરિવાજોમાં પરિવર્તન આવતું રહે છે છતા વક્ત તેની રંગત અવશ્ય દર્શાવે છે. એક ક્ષણ કદીક પહાડ જેવી લાગે છે. માણસ આધુનિક જીવન શૈલીમાં હવે સ્વયં માટે પણ ટૂંકો પડતો જાય છે ત્યાં પરોપકારની હાલત ઉનાળામાં જળના બુંદ માટે ભટકતા પક્ષી જેવી થઈ જાય છે. ધર્મ - કર્મ - ન્યાય, નીતિ બધુ જ સમયનાં પ્રવાહ મુજબ પ્રદર્શિત થાય છે માટે શુભ સંકલ્પમાં બહુ રાહ ના જોવી અને અમાન્ય વાતોમાં વિલંબ કરવો એવું શાસ્ત્રોમાં દર્શાવવામાં આવ્યું છે. પ્રયાસો કરવામાં જાગૃત થવામાં સમય બગાડ્યો તો પરિણામ હતાશાભર્યુ જ મળે એ યાદ રાખવું પડે.

**શેર આસ્વાદ :**

અસલ વસ્તુને કેવળ છે વળગાડ કષ્ટોનું
કદી નકલી ગુલાબોમાં અમે કાંટા નથી જોયા.

(જલન માતરી)